CNR : GJDH020019872023

TARGETED CASE

સત્યમેવ જયતે

દાખલ તા.૦૯/૦૩/૨૦૨૩.
ફેસલ તા.૦૨/૦૯/૨૦૨૬.
સમય ગાળો :– વર્ષ, માસ, દિવસ.
૦૩, ૦૫, ૨૪.

## દાહોદના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની અદાલતમાં.

**ક્રિમીનીલ કેસ નં.૧૮૫૨/૨૦૨૩.**
**આંક–**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| | **વિરૂધ્ધ** |
| **આરોપી** | (૧) નરેશભાઇ ફતીયાભાઇ ભુરીયા (૨) રસુલભાઇ સમસુભાઇ કળમી (૩) પ્રકાશભાઇ ચીમળીયાભાઇ ભુરીયા, ત્રણે રહે. પત્રા સીમળ ફળીયા, જી.જાબુઆ, મેધનગર |

Police Station : DAHOD A DIVISION POLICE STATION – DAHOD DISTRICT
**FIR No./Year :** 11821011200170/2020

**ગુન્હો:– ઇ. પી. કો. કલમ–૩૭૯ મુજબ.**

શ્રી સરકાર તર્ફે વિ. એ. પી. પી. શ્રી આર. આઇ. પટેલીયા
આરોપી તર્ફે વિ. વકીલ શ્રી જી. ડી. દાતલા

**// ચુ કા દો //**

૧. આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૭/૩/૨૦ ના રોજ કલાક ૨૦:૦૦ થી ૨૩:૦૦ વાગ્યા દરમ્યાન મોજે દાહોદ રાધે રેસીડન્સી સોસાયટીના આગળના ભાગમાથી ફરીયાદીની બજાજ પલ્સર મોટર સાઇકલ જેનો રજી. નં.જી.જે. ૨૦ એ.એલ. ૬૮૫૮ જેના એન્જીન નં.ડીએચવાયઆરજેએચ૬૮૧૫૭ તથા ચેચીસ નં.એમડીરએ૧૧સીવાય૧જેઆરએચ૪૭૮૫૩ ની બ્લેક

કલરની ૨૦૧૯ ના મોડલની કિંમત રૂા.૧૫૦૦૦/– ની મોટર સાઇકલ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ચોરી કરી ભારતીય દંડ સહીતાની કલમ–૩૭૯, ૧૧૪ ના લગત ફરીયાદીએ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફ. ગુ. ર. નં.૧૧૮૨૧૦૧૧૨૦૦૧૭૦/૨૦૨૦ થી આપતા, ફરીયાદીની ફરીયાદના આધારે પોલીસ તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ.

૨. આ કામના આરોપીઓને સમંસની બજવણી કરતાં તેઓ કોર્ટ રૂબરૂ તેમના વિ. વકીલ શ્રી મારફતે હાજર થયેલાં છે અને તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કયા બાદ આ કામના આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલું અને ત્યારબાદ ગુના અંગે આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુના અંગેનો ઇન્કાર કરેલો છે. જેથી આ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલું.

વધુમાં ત્યારબાદ આરોપીઓ કોર્ટમાં લાંબા સમયથી હાજર રહેતા ન હોઇ અને તેઓના પ્રોસેસ પણ યોગ્ય શેરા સાથે પરત આવતા ન હોઇ તેમજ તેઓના જામીનદાર પણ મળી આવતા ન હોઇ અને આરોપીઓ નજીકના ભવિષ્યમાં પણ હાજર રહી શકે તેમ જણાઇ આવતું ન હોઇ, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯(૧) અને તેની સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટનાં તા.૨૫/૦૫/૨૦૧૭ ના રોજ ઇસ્યુ થયેલ સર્કયુલર નં.સી.૨૬૧૮૧/૧૬ ને ધ્યાને લઇ, આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો નંધવાનો તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ આંક:૧ હેઠળ હુકમ કરવામાં આવેલ છે.

૩. સદર કામે ફરીયાદ પક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષે આંક:૧૮ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં આ કામે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતો ન હોઇ, આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૪. સદર કામે બંને પક્ષના વિ. વકીલ શ્રીઓની દલીલો સાંભળવામાં આવી.

૫. સબબ, કેસના આખરી નિર્ણય માટે મારા મતે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થયા.

| ક્રમ | મુદો | તારણ |
|---|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૭/૩/૨૦ ના રોજ કલાક ૨૦:૦૦ થી ૨૩:૦૦ વાગ્યા દરમ્યાન મોજે દાહોદ રાધે રેસીડન્સી સોસાયટીના આગળના ભાગમાથી ફરીયાદીની બજાજ પલ્સર મોટર સાઇકલ જેનો રજી. નં.જી.જે. ૨૦ એ.એલ. ૬૮૫૮ કિંમત રૂા.૧૫૦૦૦/- ની મોટર સાઇકલ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ચોરી કરી ભારતીય દંડ સહીતાની કલમ-૩૭૯, ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે? | નકારમાં |
| ૨ | શું હુકમ? | આખરી હુકમ |

૬. ફરીયાદ પક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>માખિક તથા દસ્તાવેજી પુરાવો.</u>**

| આંક | વિગત |
|---|---|
| ૧૬ | ફરીયાદી પીકેશ જશવંતભાઇ પંચાલની જુબાની. |
| ૧૭ | ફરીયાદ. |
| ૧૮ | કલોજીંગ પુરસીસ. |

**<u>કારણો.</u>**

૭. આ કામે ચોરીના બનાવમાં આ કામના આરોપીઓએ ફરીયાદીની બજાજ પલ્સર મોટર સાઇકલ જેનો રજી. નં.જી.જે. ૨૦ એ.એલ. ૬૮૫૮ કિંમત રૂા.૧૫૦૦૦/- ની મોટર સાઇકલ ચોરી કરી લઈ જઈ પકડાઈ ગયેલ, તેવો ફરીયાદ પક્ષનો કેસ છે. જે બાબતે આંક:૧૬ થી ફરીયાદી પીંકેશ જશવંતભાઇ પંચાલને તપાસવામાં આવેલ છે, જેઓ

જણાવે છે કે, આજથી છ વર્ષ અગાઉ તેઓ એકાઉન્ટનુ કામ કરતા હતા અને રોજબરોજના કામકાજ સારુ બજાજ પલ્સર નં.જી.જે.૨૦ એ એલ ૬૮૫૮ વાળુ બાઇક ઉપયોગ કરતા હતા અને તે વખતે રાત્રીના સમયે તેમનુ બાઇક ઘર આગણે પાર્ક કરી તેમની ફોરવીલર ગાડી લઈને બજાર ગયેલ અને રાત્રીના સમયે પરત આવતા મોટર સાયકલ જે જગ્યાએ પાર્ક કરેલ તે જગ્યાએ મળી આવેલ નહી અને આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહી અને બાઇક ચોરી થયેલ હોવાનુ જાણ થતા દાહોદ પો.સ્ટે જઈ ચોરી થયેલાની આંક:૧૭ વાળી ફરીયાદ આપેલ. <u>વળી બાઇક કોણ ચોરી ગયેલ અને કયારે ચોરી ગયેલ અને કેવી રીતે ચોરી ગયેલ તેની તેમને ખબર નથી તેમજ અરોપીને જોયેલ નથી કે પાછળથી પણ કોઈએ બતાવેલ નહી.</u> તેમને બાઇક કોર્ટ રાહે મળી ગયેલ છે, જેથી તેઓ આ કેસ આગળ ચલાવવા માગતા નથી. વળી ફરીયાદીની આરોપી તર્ફે ઉલટ તપાસ નથી. ફરીયાદી તેમના પુરાવામાં ચોરી થયેલાનું જણાવે છે, પણ કોણે ચોરી કરેલ તે બાબતે તેમને કશું ખબર નથી, જેથી ફરીયાદીનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નિવડેલ નથી, જેથી આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય તેવો પુરાવો નથી, જે બાબતે મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

૮. આ કામે ગુનો ચોરી સબબનો છે, જેમાં કોઈ નજરે જોનાર સાહેદ ન હોવાથી ચોકકસ સમય નથી, પરંતુ અંતરાલ છે. વળી આક્ષેપીત અન્ય કલમો એ પણ ડવેલીંગ હાઉસ વિગેરેમાં ચોરી વિગેરેની હોઈ અહીં ચોરીના તત્વો સાબિત કરવા ફરીયાદ પક્ષે ખુબ જરૂરી હતાં. તે સાથે ફરીયાદ પક્ષે અન્ય તત્ત્વો પણ એટલે કે ડવેલીંગ હાઉસનું સ્થળ વિગેરે પુરવાર કરવા પડે. આથી તે સારૂ પ્રથમ ચોરીનાં તત્વોની જ ચર્ચા કરવી જરૂરી જણાય છે. પુરાવાની ચર્ચા કરતાં પહેલાં જો કાયદાવીદ રતનલાલ ધીરજલાલની ઈન્ડીયન પીનલ કોડની ૩૨મી એડીશનમાં જણાવેલ ઇ. પી. કો. કલમ–૩૭૯ ની વ્યાખ્યાનાં તત્વો જોઈએ તો તે નીચે મુજબ છે.

Essential ingredients : An Offense under this section has following requisites :

I. Dishonest intention to take property
II. The property must be movable
III. It should be taken out of the possession of another person
IV. It should be taken without the consent of that persen metro magi
V. There must be some moving of the property in order to accomplish the taking of it.

<u>**For Evidence**</u> : To bring home an offence under sec 379, IPC the prosecution is to prove (a) there was a movable property (b) that the said movable property was in the possession of the person other than the accused (c) that the accused took out it (or moved it) out of the possession of said possession. (d) that the accused did it dishonestly i.e. with intention to cause wrongful gain to himself or wrongful loss to another (e) that the accused took the movable property or moved it without the consent of the possessor of the movable property.

ઉપરોકત કલમોનાં તત્વોની ની:શંકપણાની સાબિતીને અભાવે ચોરીનો ગુનો નિ:શંકપણે સાબિત થઇ શકે નહીં.

૯. વળી ચોરીનાં ગુનામાં જયારે પુરાવાનાં કાયદા હેઠળની કલમ–૨૭ અંગે પંચનામાની હકિકતો ફરીયાદ પક્ષે હોય છે, ત્યારે તેની પ્રસ્તુતતા તથા તે અંગેની કાયદાકીય પરિસ્થિતની ચર્ચા પણ પુરાવાની ચર્ચા કરતાં અગાઉ કરવી જરૂરી બને છે. કાયદાકીય પરિસ્થિતિ જોઇએ તો આરોપી દ્ધારા કરવામાં આવતી કબૂલાત તથા આપવામાં આવતી માહિતી વચ્ચે ભેદ દર્શાવેલ છે. સ્પષ્ટ તથા પ્રત્યક્ષ કબૂલાત

પોલીસની હવાલાતમાં કરવામાં આવે ત્યારે કલમ-૨૬ પ્રમાણે તે અપ્રસ્તુત ગણાય સિવાય કે, મેજીસ્ટ્રેટ શ્રીની પ્રત્યક્ષ હાજરીમાં કરવામાં આવેલ હોય, પરંતુ પોલીસ હવાલાતમાં હોય તેવી વ્યકિત પોલીસને ગુનાને લગતી કોઇ માહિતી આપી કે જે માહિતી આધાર ઉપર માહિતી મુજબની હકિકત મળી આવે તો તેવી માહિતી તેની વિરૂદ્ધ સાબિત કરી શકાય તે કલમ-૨૭ નાં પ્રબંધો છે. આ પ્રબંધો પુરાવાની પ્રસ્તુતા દર્શાવે છે, તેનું મુલ્યાંકન નહીં. પ્રસ્તુતતા માટે શ્રેષ્ઠ પુરાવો હોવો જરૂરી છે. કાનૂની ભાષામાં શ્રેષ્ઠ પુરાવો પ્રત્યક્ષ પુરાવો કહેવાય. શ્રેષ્ઠ એ ગણાય કે જે દૂષિત ના હોય. સર્વથા ચકાસણી જરૂરી છે. ચકાસણીના અંતે આપવામાં આવેલ માહિતી ઉપરથી હકિકત મળી આવે તે જ સાબિત કરી શકાય, માહિતી અનુસંધાને કે પરિપામે તેવી હકિકત મળી આવી હોય અને જુબાનીમાં રૂપમાં એટલે કે, સાહેદો મારફતે તે રજુ થવી જોઇએ અને તો જ તે પુરાવો પ્રસ્તુત ગણાય અને તેવી હકિકતો સાબિત કરી શકાય, પ્રસ્તુત એટલે એવી માહિતી કે જે ગુના સાથે સ્પષ્ટ રીતે સંકળાયેલી હોય, જો માહિતી આરોપી હોય તેવી વ્યહિત દ્વારા આપવામાં આવે કે જે કારણે હકિકત મળી આવે તેવી હકિકત અવશ્ય સાબિત કરી શકાય. પરંતુ, તે નિર્ણાયક સાબિતી કે નિર્ણાયક પુરાવો ગણાય નહીં. તે અંગે ચુકાસણી પણ આવશ્યક છે તથા સંજોગો પણ લક્ષ પર લેવા જરૂરી ગણાય. જ્યાં સચ્ચાઈની ખાતરી ન થાય ત્યાં તેના પર આધાર રખાય નહી. વધુમાં એ નોંધવું જરૂરી છે કે, આરોપી પોલીસ હવાલામાં હોય ત્યારે તેણે આપેલ માહિતીના આધાર ઉપર કોઈ હકિકત મળી આવે ત્યારે એક એક મજબૂત શંકા અવશ્યપણે ઉત્પન્ન થાય કે આરોપી ગુનામાં સંડોવાયેલ છે, છતાં આરોપીને દોષિત ઠરાવવા માટે તે એકમાત્ર હકિકત નિર્ણયાક ગણાય નહીં. કલમ-૨૭ ની હકિકતની માત્ર પ્રસ્તુતતા દર્શાવે છે. કેસની હકિકત તથા તમામ સંજોગો લક્ષમાં લઇને તેવા પુરાવાનુ મુલ્ય કરી શકાય, આરોપીએ આપેલ માહિતી અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરૂરી છે, તેમજ સાંયોગિક

પુરાવો પણ ઉપલબ્ધ હોવો જરૂરી છે. માત્ર કબૂલાત પુરાવામાં ગ્રાહય નથી. ઉપરોકત ચર્ચાના અનુસંધાને આરોપીની એ દલીલ અનુમાનને યોગ્ય છે કે, ત.ક.અમલદ્દાર રૂબરૂ આરોપીએ કબૂલાત સ્વરૂપ આપેલ નિવેદન પુરવાર કરવાની પરવાનગી આપી શકાય નહીં. પુરાવાની કાયદાકીય કલમ–૨૫ થી ૨૭ દ્વારા પ્રસ્થાપિત કાયદાના સિદ્ધાંતને લક્ષમાં લેતાં એવું નિયંત્રિત થયેલ છે તેમજ કલમ–૨૭અન્વયે ડીસ્કવરી પંચનામાની કાર્યવાહી આરોપીએ ફરેલ કબૂલાતના સ્વરૂપના ભાણરૂપે પુરાવામાં વાંચી શકાય નહી, હકીકૃત મળી આવવી જરૂરી છે. સાંયોગિક પુરાવા અંગે કાયદાકીય જોગવાઈ જોઈએ તો સાંયોગિક પુરાવો એ એક એવો પુરાવો છે કે, જેમાં કોઈ સાહેદોએ પ્રત્યક્ષપણે કશું અનુભવ્યું હોતું નથી. પરંતુ, સંજોગો એવા હોય છે કે, જેના કારણે મુદ્દા માંહેની હકીકત માનવા માટે અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી અને અન્ય પ્રકારની હકિકતનાં અસ્તિત્વ અંગે શંકા પણ રહેતી નથી. સાંયોગિક પુરાવામાં બે ચાર હકિકત મહત્વની નથી. પરંતુ, તમામ હકિકતોની કડીબધ્ધતા અગત્યની બની જાય છે. ક્યારેક આવો પુરાવો મુદ્દા માંહેની હકિકતને લગતો હોતો નથી. પરંતુ, પ્રસ્તુત હકિકતને લગતો હોય છે અને આવા પુરાવાને કાયદાકીય પરિભાષામાં પરોક્ષ પુરાવા તરીકે ઓળખી શકાય, આવા પુરાવાનું મહત્વનું લક્ષણ તમામ સંજોગોને કડીબધ્ધતા છે. સાંયોગિક પુરાવામાં તર્કબધ્ધ કારણ હોય છે અને તેનું કોઈ વર્ગીકરણ હોતું નથી પરંતુ રજુ થયેલ પુરાવા ઉપરથી નક્કી થાય છે અને તે ઉપરથી પ્રકાર નક્કી થાય છે. બનાવ નજરે જોનાર વ્યકિત હોતી નથી. પરંતુ કૃત્ય કરનારનું ગુન્હો કર્યા પહેલાંનુ અને ત્યાર પછીનું વર્તન વિગેરે સંજોગો કડીબધ્ધ રીતે ગોઠવાતા હોય અને ગુનો આચરનાર સિવાય અન્ય કોઈ વ્યકિત ન હતી તેવો વિવિધ કડીરૂપ પુરાવો સાંયોગિક પુરાવાની સાંકળ બની જાય છે.

૧૦. ઉપરોકત કાયદાની જોગવાઈઓને સાપેક્ષ અત્રે હાથ ઉપરનાં કેસનાં પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો મુદ્દામાલ ફરીયાદીને પરત મળી

ગયેલ છે. ફરીયાદ પક્ષનો એવો કોઇ કેસ નથી કે આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ. વળી ફરીયાદ પક્ષે જે સાહેદ તપાસેલ તેઓ આરોપીઓને ઓળખી બતાવતાં નથી. આરોપીઓએ જ ગુનો કરેલ હોઇ, તે બાબતે કોઇ સ્વતંત્ર સાહેદો નથી. કોઇ પંચો રૂબરૂ પંચનામુ થયેલ નથી. સાહેદ ફરીયાદી જેઓ ફરીયાદ પક્ષે તપાસેલ છે તેઓ ચોરીનો એકરાર કરેલ છે. પરંતુ કોણે ચોરી કરી તે સબબ કોઇ વર્ણન વિગેરે પણ જણાવતાં નથી. વળી પુરાવાનાં કાયદાની જોગવાઇઓ મુજબ પોલીસ રૂબરૂની કબુલાત પુરાવામાં ગ્રાહ્ય નથી સિવાય કે તે મેજીસ્ટ્રેટ શ્રીની હાજરીમાં થયેલ હોય. આ કેસમાં ફરીયાદી તર્ફે આરોપીઓને ગુનામાં સંડોવતો નિ:શંક પુરાવો રજુ નથી. વળી કેસનાં સંજોગો જોતાં ફકત પોલીસ સાહેદોની જ જુબાની માની આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેવો આ કેસ નથી. વળી મુદ્દામાલ મળી ન આવવાથી આરોપીઓ ચોરીનો જ મુદ્દામાલ ચોરી ગયા કે કેમ તે બાબતે કોઇ સ્પષ્ટ પુરાવો રજુ નથી. રીકવરી કે ડિસ્કવરી પંચનામુ ઉપરોકત પેરામાં જણાવેલ ચર્ચા અનુસાર પ્રસ્તુત નથી. વળી અન્ય કોઇ નજરે જોનાર સાહેદ નથી તે બાબત રેકર્ડ પર છે. આ ફરીયાદ નમુદની છે. વળી જયારે ફરીયાદમાં આરોપીનું નામ નથી ત્યારે નામદાર ગુજરાત હાઇકોર્ટનાં **Kishan Kanjibhai Patni Vs State of Gujarat reported in 2015(1) GLR 1133 અને 2007 SC AIR pg 1729 Ravi @ Ravichandran Vs State** માં ઠરાવેલ સિદ્ધાત મુજબ જયારે ફરીયાદમાં આરોપીનું નામ ન હોય ત્યારે ઓળખ પરેડ કરાવવી ખુબ જ જરૂરી છે, જે અત્રેનાં કેસમાં થયેલ નથી. વળી આ કામે કોઇ DOCK IDENTIFICATION પણ થયેલ હોવાનું રેકર્ડ પર નથી. વળી ત.ક. અધિકારી શ્રી દ્વારા પકડાયેલ માલની માલિકી ફરીયાદીની જ છે તે દર્શાવતા બિલો અગર માલિકીનો પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી. આથી ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂદ્ધ ચોરી કે ચોરીનો માલ રાખવા સબબનો કેસ નિ:શંકપણે પુરવાર થતો નથી. સી. આર. પી. સી. કલમ–૪૬૪ મુજબ તહોમતનામું તૈયાર ન કરવું

અથવા તેમાં થયેલ ઈરેગ્યુલેરીટી એ ઈલીગાલીટી નથી. વળી આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પરિપત્ર તા.૦૫/૦૭/૨૦૧૬ નો તથા કેરલ હાઈકોર્ટના જજમેન્ટ **વાય. પી. બૈજુ વિરૂદ્ધ સ્ટેટ ઓફ કેરલા** હુકમ તા.૩૦/૧૦/૨૦૦૭ તથા **યેશુદાસ વિરૂદ્ધ સબઈન્સ્પેકટર કરેલ** હાઈકોર્ટનો હુકમ તા.૧૭/૧૨/૨૦૦૭ ને ધ્યાને લેધી જે મુજબ કોન્ઝાઈલેશન એ એક તર્કી પ્રક્રિયા છે અને ફરીયાદી જો પોતે આરોપીની સામે મેરીટ ઉપર કેસ ચલાવવા ન ઈચ્છે તો પછી કોર્ટ પોતાનો વધારે કિંમતી સમય તે બાબતે આપવો જોઈએ નહીં તથા જરૂરી સમય અન્ય અસંખ્ય તથા કોન્ટેસ્ટેડ કેસો ઉપર આપવો જોઈએ. જે બાબતને ધ્યાને લઈએ તો હાલના કેસમાં પણ તે સુસંગત છે અને તેથી ફરીયાદ પક્ષ આરોપીની સામે ગુનો પુરવાર કરતા તત્વો જણાવતા ન હોઈ, હવે આગળની કાર્યવાહીથી પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને આથી જયુરીસ્પ્રુડમ એ જ ન્યાયીક પેરામીટર છે, તો હવે ફરીયાદીનું નિવેદન જોતાં ન્યાયીક પુરાવાથી કેસ પુરવાર થઈ શકે નહીં.

૧૧. આમ, ફરીયાદ પક્ષના કેસની હકિકતોને સમર્થનકારી પુરાવો આ કામે તપાસેલ સાહેદો પૈકી કોઈ પણ સાહેદ આપતાં ન હોય આ કામે ફરીયાદ પક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આ કામના આરોપીઓને શંકાનો લાભ મળવા પાત્ર હોવાનું જણાય છે તથા તે સબબ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ. જેથી મુદા નં.૦૧ નો જવાબ ''નકાર'માં આપવામાં આવે છે તથા આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ. પી. કો. કલમ–૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાથી શંકાનો લાભ આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૯૯(૧) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં કરવામાં આવે છે.

Addl.C.J.M.

૨. આ કામના પ્રત્યેક આરોપીએ નવા સુધારેલા ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઇ મુજબ રૂા.૫૦૦૦/– નાં જામીન રજુ કરવા.

૩. મુદામાલ મોટર સાઇકલ મળી ગયેલ હોઇ, વચગાળનો હુકમ કાયમ કરવામાં આવે છે.

આ હુમક આજ તારીખ ૦૨ જી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

દાહોદ.
તા.૦૨/૦૯/૨૦૨૬.

(ડબલ્યુ. આર. મલીક)
GJ01144
એડી. ચિફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, દાહોદ.

**B.K.TRIPATHIP**